Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2022
JUNE
૧ જૂન, ૨૦૨૨

– WORK –
– કાર્ય –



Open yourself more and more to the Divine's force and your work will progress steadily towards perfection.

With my blessings
11 June 1954 - The Mother

પ્રભુની શક્તિ તરફ તમારી જાતને વધુ ને વધુ ખુલ્લી કરો અને તમારું કામ સ્થિર રીતે પૂર્ણતા તરફ પ્રગતિ કરશે.

મારા આશીર્વાદ સાથે
૧૧ જૂન ૧૯૫૪ - શ્રી માતાજી

... ...

Truly speaking, it is a matter of right and wrong psychology. You only think that it is your own life, own family, own house, own work, own everything. But instead if you now think differently, you will come to right conclusion that nothing is your own. For the Mother Power of the Almighty has created the world, created all of us, and has so ordained that

we must eat to live and live to work, and for that she has placed all these various kinds of work at our disposal. The work will go on in spite of you. It is only out of conceit that you think that is your own work and that you are indispensable. This 'my own' sense has been introduced into us from our very childhood by our parents and the environment. If we had been trained from the beginning that this ego-sense is wrong, we could have grown up with a different attitude. The children of the Ashram are having this proper training, and one hopes that when they grow into manhood they will be different from us.

But we can correct our attitude even now. For that a new habit of discrimination is necessary with a constant remembrance of the Mother. If you go on like that expecting all the while that you will receive the Mother's help for this change, you will gradually begin to feel that there is working inside the Mother's force and guidance. Understanding will come to you that you are but an instrument for the Mother's work. You will be free from egoistic motives, free from self-will and self-assertion.

In the Ashram itself, as we have said, the same principle is followed. Man or woman, everybody has to do some work, appointed by the Mother, 'in the Mother's service' without pay; they know that they are all doing the Mother's work, and they are happy. No one is idle.

Jogananda once came to Pondicherry, an unknown person. He had been a sadhaka under his Guru since his boyhood and doing intensive jap and arduous sadhana. He wanted to be admitted into the Ashram. Sri Aurobindo wrote: "Tell him that our Ashram is not like the others, our aim is neither to be Sannyasi nor to achieve Moksha. Our principle is to attain to realisation through work; work should be done as a preparation for that, and that is the rule here. The work may be monotonous and uninteresting for him, it is completely different from the process he is following. If he is willing to give up all that and agrees to work according to our rules, then only he can stay." Jogananda agreed to that condition and since then he has been staying in the Ashram.

Nalini Kanta Sarkar, a litterateur and reputed singer of humorous songs, is a family man with two daughters. He was once a revolutionary. He wanted to take shelter in the Ashram, and he was granted shelter by Sri Aurobindo on condition that he would agree to do some work. He himself and both his daughters are working in the Ashram Press, a pretty hard job, but they are very happy. [P. 14 - 18]

… … …

'Jai Ma' – from the book 'On The Mother Divine' by Pashupati.

... ...

વાસ્તવમાં તો આ બધું તમારા સાચા અને ખોટા વલણો ઉપર આધાર રાખે છે. અત્યાર સુધી તમે તમારું જીવન, તમારું કુટુંબ, તમારું ઘર, તમારું કાર્ય આ બધું સર્વસ્વ પોતાનું છે એવું માનતા હતા પરંતુ હવે જો તમે જૂદા જ દૃષ્ટિબિંદુથી વિચારશો તો તમે સાચા નિર્ણય ઉપર આવશો કે કશું જ તમારું પોતાનું હોતું નથી. સર્વશક્તિમાન પરમાત્માની માતૃશક્તિએ આ જગતનું સર્જન કર્યું છે, આપણાં સૌનું સર્જન કર્યું છે અને એવી વ્યવસ્થા ગોઠવી છે કે જીવન જીવવા માટે ભોજન લેવું પડે છે અને કાર્ય કરવા માટે જીવવું પડે છે અને તે માટે જ માતૃશક્તિએ આ બધાં વિવિધ પ્રકારનાં કાર્યો આપણી સામે મૂકેલ છે. તમારા વિના પણ જગતનું કાર્ય તો ચાલુ જ રહે છે. કેવળ ઘમંડના મદમાં જ આપણે એવું માની લઈએ છીએ કે આ બધું આપણું પોતાનું કાર્ય છે અને તે માટે તમારી અનિવાર્યતા બીજાને છે. આ 'હું' પણાનો ભાવ આપણામાં બાળપણથી જ આપણા માતાપિતા દ્વારા અને આજુબાજુના પર્યાવરણ દ્વારા દાખલ થઇ જતો હોય છે. પરંતુ જો શરૂઆતથી જ આપણને એવી તાલીમ મળી હોય કે આ 'અહં' ભાવ મિથ્યા છે - ભ્રાંતિમૂલક છે તો આપણે કદાચ જૂદી જ વૃત્તિ સાથે ઉછેર પામી શકીએ. પોંડિચેરી આશ્રમમાં બાળકોને આ પ્રકારની યોગ્ય તાલીમ આપવામાં આવી રહી છે અને એવી આશા રાખી શકીએ કે જ્યારે આ બાળકો યૌવનારૂઢ થશે ત્યારે તેઓ આપણાથી અલગ ('અહં' ભાવ મુક્ત) બનશે.

પરંતુ આપણે આપણું વલણ અત્યારે પણ બદલી શકીએ છીએ. અને તે માટે શ્રી માતાજીના સતત સ્મરણ સાથે એક નવી વિવેક શક્તિની ટેવની પણ જરૂર રહે છે. દરેક ક્ષણે તમને શ્રીમાની સહાય આ પરિવર્તન માટે અવશ્ય મળી રહેશે એવી શ્રદ્ધા રાખીને તમે કાર્ય કરશો તો તમને ધીમે ધીમે અનુભવાશે કે તમારા કાર્યમાં શ્રી માતાજીની શક્તિ અને માર્ગદર્શન સતત મળી રહ્યાં છે. તમારામાં એવી સમજ આવશે કે તમે શ્રીમાના કાર્ય માટે એક કરણરૂપ બની રહ્યા છો. તમને સમજાશે કે તમે હવે અહંકેન્દ્રિત પ્રયોજનો, સ્વલક્ષી ઇચ્છાઓ અને પોતાના હક - જીદ - વલણને આગળ ધરવાની વૃત્તિઓથી મુક્ત બની રહ્યા છો.

અગાઉ કહ્યું તે મુજબ આશ્રમમાં પણ આ જ સિદ્ધાંતને અનુસરવામાં આવે છે. સ્ત્રી હોય કે પુરુષ, દરેકે શ્રી માતાજીએ નિયુક્ત કરેલ કાંઈ ને કાંઈ કામ કરવાનું જ હોય છે અને તે પણ શ્રીમાની સેવાર્થે- કોઈપણ જાતના વેતન વિના. સૌ જાણે છે કે તેઓ માત્ર શ્રી માતાજીનું જ કાર્ય કરી રહ્યા છે અને તેમાં તેઓ ખુશ છે. આશ્રમમાં કોઈ પણ વ્યક્તિ કાર્ય વિમુખ નથી.

એક વખત જોગાનંદ નામે એક અજાણી વ્યક્તિ પોંડિચેરી આવી. જોગાનંદ નાનપણથી જ ગુરુના માર્ગદર્શન હેઠળ પ્રખર જપ-તપમાં વ્યસ્ત રહેતા હતા. આ જોગાનંદે

આશ્રમમાં પ્રવેશ મેળવવા માટે ઇચ્છા વ્યક્ત કરી. શ્રી અરવિન્દે લખી જણાવ્યું હતું, "તેમને કહો કે અમારો આશ્રમ બીજા આશ્રમો જેવો નથી. અમારું લક્ષ્ય સન્યાસી બનવાનું કે મોક્ષ પ્રાપ્તિ નથી. અમારો સિદ્ધાંત છે કાર્ય દ્વારા સાક્ષાત્કાર. આ પ્રાપ્તિ માટે કાર્ય તો એક સાધનરૂપ બની જવું જોઈએ, અને આ આશ્રમનો નિયમ પણ આ જ છે. તેમને માટે અહીં કાર્ય કરવું કદાચ કંટાળાજનક અને રસહીન બની શકે કારણ તેઓ જે કાર્યપદ્ધતિને અનુસરતા આવ્યા છે તેનાથી આ પદ્ધતિ તદ્દન અલગ પડે છે. જો તેઓ તેમની સર્વ જૂની કાર્યપદ્ધતિ છોડી આપણા નિયમો સ્વીકારીને કાર્ય કરવા સંમત હોય તો જ તેઓ અહીં આશ્રમમાં રહી શકે છે." જોગાનંદ આ શરત સાથે સંમત થયા અને ત્યારથી તેઓ આશ્રમમાં જ રહે છે, કાર્ય કરે છે, સાધના કરે છે.

રસજ્ઞ નલિનીકાંત સરકાર જેઓ એક પ્રતિષ્ઠિત પંડિત પણ છે અને એક જમાનામાં ક્રાંતિકારી હતા, તેઓ તેમની બન્ને દીકરીઓ સાથે આશ્રમમાં આશ્રય લેવા ઇચ્છતા હતા. આશ્રમમાં નિવાસાર્થે શ્રી અરવિન્દે એક શરતે મંજુરી આપી હતી કે તેઓએ આશ્રમમાં કાંઈક ને કાંઈક કાર્ય કરવું. અને તેઓ તે શરત મુજબ બન્ને દીકરીઓ સાથે આશ્રમમાં પ્રેસમાં કાર્ય કરે છે. કાર્ય થોડી મહેનત માગી લે તેવું હોવા છતાં તેઓ ખુશીથી કરે છે. [પૃ. ૧૮ – ૨૩]

... ...

'જય મા' – શ્રી પશુપતિના મૂળ અંગ્રેજી પુસ્તક 'દિવ્ય માતાજી વિષે' માંથી.
વલસાડના શ્રી મનુભાઈ જે. દેસાઈ નો અનુવાદ.

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● June 2022
https://themothersprosperity.org